# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,

# જામનગર

## -: નોધાયેલા સ્નાતકોના વિભાગની મતદાર યાદી સુધારવા અંગે :-

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના સ્ટેચ્યુટ નં.- 2(1)(2) (એ) (બી) મુજબ લાયકાત ધરાવનાર વ્યકિતઓ નોંધાયેલા સ્નાતકો (રજીસ્ટર્ડ ગ્રેજ્યુએટ્સ) તરીકે પોતાના નામ દાખલ કરાવવા ઈચ્છા ધરાવતા હોય તે સર્વે પાસેથી નિયત કરવામાં આવેલ ગુજરાતી ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવે છે નવી નોંધણીના અરજી ફોર્મની કિંમત રૂપિયા 5/- રાખેલ છે જે રોકડેથી અથવા મનીઓર્ડરથી કાર્યાલયમાં જમા થયેથી વ્યકિતગત મોકલવામાં આવશે આ નિયત ફોર્મ યુનિવર્સિટીને વ્યકિતગત અરજી કર્યેથી મોકલવામાં આવશે. અથવા તો ઉપરોકત ફોર્મ યુનિવર્સિટીની વેબસાઇટ **Web: www.ayurveduniversity.com** ઉપરથી મળી શકશે.

આ અરજી ફોર્મ સાથે રુપિયા 100/- ની નોંધણી ફી તેમજ ડીગ્રીની પ્રમાણીત ખરી નકલ ખાત્રી અને પુરાવા રૂપે કુલસચિવશ્રીને તા. 30-11-2011 સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

જે નોંધયેલા સ્નાતકોની નોંધણીની મુદત 2011 ના અંતમાં પુરી થાય છે, તેવા જે સ્નાતકો નોંધાયેલા સ્નાતકો તરીકે પોતાના નામો ચાલુ રાખવાની ઈચ્છા રાખતા હોય તે સર્વે પાસેથી નિયત કરેલ ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવે છે. આ રીન્યુઅલ ફોર્મ જેમની મુદત પૂર્ણ થતી હશે તેઓને યુનિવર્સિટી તરફથી વ્યકિગત મોકલવવામાં આવશે અને વેબ સાઈટ ઉપરથી ડાઉનલોડ પણ કરી શકાશે. આ અરજી ફોર્મ કુલસચિવશ્રીને રીન્યુલ ફી રૂપિયા 5/- હિસાબી શાખામાં રોકડેથી રૂબરૂમાં અથવા મનીઓર્ડરથી હિસાબી કાર્યાલયમાં તા.15-12-2011 પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. પુરી માહિતી વિનાની અધુરી ફી વાળી કે નક્કી કરેલ સમય મર્યાદામાં ન આવેલ અરજીઓ ધ્યાનમાં લઈ શકાશે નહી. જે વ્યકિતએ અગાઉ અરજી કરેલ છે, પરંતુ નિયમાનુસાર રદપાત્ર થયેલ છે તેમણે નવેસરથી અરજી કરવાની રહેશે. દરેક સ્નાતકે બે ફોટોગ્રાફ મોકલવાના રહેશે તથા ઈલેકશન કમિશન ઓફ ઈન્ડિયા ધ્વારા ચૂંટણીમાં ઉપયોગ કરવા માટે અપાયેલ ઓળખપત્રની ઝેરોક્ષ નકલ સાથે રાખી તેનો નંબર અચૂક લખવાનો રહેશે. નામ સરનામામાં ફેરફાર થયેલ હોય તો આધાર પુરાવા સાથે અરજી કરવાની રહેશે.

માહિતી/ જામનગર. ( આર.એમ.ઝાલા )

તા. 20-10-2011 કુલસચિવ